ફોન :-
પાટણ : ૨૩૦૦૬૮/૨૨૦૨૨૮
: ૨૩૦૮૦૮/૨૨૧૩૪૭
હારીજ : ૨૨૨૪૦૪
ઉંઝા : ૨૫૩૪૧૯
અમદાવાદ : ૪૦૨૩૨૧૯૨
બ્રાન્ચ : નીધી હોસ્પીટલ બિલ્ડીંગ, સ્ટેડીયમ કોમર્સ રોડ, અમદાવાદ-૯
Email : dptco123@gmail.com,

ESTD DPT 1956

# ડી. પી. ઠક્કર એન્ડ કાું.
# ડી. પી. ઠક્કર એન્ડ બ્રધર્સ
ટેક્ષ કન્સલટન્ટસ
'શ્રી કુંજ', સ્ટેશન રોડ, પાટણ.

Web.site : www.dpthakker.com

ભાઈશ્રી

તા. ૧-૩-૨૦૧૭

ચાલુ નાંણાકીય વર્ષ તા. ૩૧/૦૩/૨૦૧૭ ના રોજ પુરુ થાય છે એટલે આ નણાકીય વર્ષ માટેની ઈન્કમટેક્ષની કેટલીક જવાબદારીઓ સમજી લઈ પાલન કરવુ જરુરી છે જેની મુખ્ય બાબતો નીચે પ્રમાણે છે.

## (૧) એડવાન્સ ટેક્ષ :-

(૧) મોટાભાગના વેપારી ભાઈઓએ અત્યાર સુધીમાં એડવાન્સ ટેક્ષના હપ્તા ભરેલા હશે હવે છેલ્લો હપ્તો તા. ૧૫/૩/૨૦૧૭ સુધી ભરવાનો છે આ માટે ચાલુ નાણાકીય વર્ષની કુલ આવકમાથી બાદ મળવાપાત્ર રોકાણો જેવા કે LIC/PPF વિગેરે બાદ કર્યા પછી જે ટેક્ષેબલ આવક રહે તેના ઉપર જે ટેક્ષ ભરવાનો થાય તેમાથી જો T.D.S. કાંઈ થયેલી હોયતો તે રકમ બાદ કરી બાકીની ટેક્ષ ની રકમ માંથી આ અગાઉ ભરેલા એડવાન્સ ટેક્ષની રકમ બાદ કરીને બાકી નીકળતી રકમ ભરવાની રહે છે.

(૨) કોઈ વેપારી ભાઈએ આ અગાઉ ટેક્ષ ભરેલો ના હોય તો ઉપરની વિગત પ્રમાણે હવે ભરી દેવો જોઈએ પણ જો કુલ ભરવાનો ટેક્ષ રૂ.૧૦૦૦૦/- થી ઓછો હોય તો એડવાન્સ ટેક્ષ ભરવાની જરુર નથી.

(૩) સીનીયર સીટીઝન એટલે ૬૦ વર્ષ ઉપરના કેસોમાં જો ધંધા વ્યવસાય સિવાય ની આવક હોય તો તેમને એડવાન્સ ટેક્ષ ભરવાની જરુર નથી

(૪) કલમ 44AD હેઠળ ૮% ના ઉચ્ચક દરે અંદાજીત આવક ગણી ટેક્ષ ભરતા વેપારી ભાઈઓએ જો ટેક્ષની રકમ રૂ.૧૦૦૦૦/- થી વધુ થાય તો એડવાન્સ ટેક્ષ તા.૧૫/૦૩/૧૭ સુધી ભરવો જોઈએ

(૫) એટલે ચાલુ નાણાકીય વર્ષની અંદાજીત આવકની વિગત તથા T.D.S. અને એડવાન્સ ટેક્ષ ભર્યો હોય તેની વિગત વહેલાસર મોકલશો જેથી એડવાન્સ ટેક્ષ ના ચલણ મોકલીશુ.

## (૨) સને ૧૬-૧૭ (એસેસમેન્ટ વર્ષ ૨૦૧૭-૧૮) માટે ઈન્કમટેક્ષ ના દર :

| (૧) વ્યક્તિ (સ્ત્રી કે પુરૂષ) અને HUF ના કેસમાં | ટેક્ષનો દર | એજ્યુ. સેસ | (૪) ભાગીદારી પેઢી/LLP માટે | ટેક્ષનો દર | એજ્યુ. સેસ |
|---|---|---|---|---|---|
| (૧) પ્રથમ રૂા. ૨,૫૦,૦૦૦ સુધી | માફી છે. | - | (૧) કોઈ આવક માફ નથી. | - | - |
| (૨) રૂા.૨,૫૦,૦૦૧ થી રૂા.૫૦૦૦૦૦ સુધી | ૧૦ % | ૩ % | (૨) તમામ કરપાત્ર આવક ઉપર | ૩૦ % | ૩ % |
| (૩) રૂા.૫૦૦૦૦૧ થી રૂા. ૧૦૦૦૦૦૦ સુધી | ૨૦ % | ૩ % | (૩) LLP તથા પેઢીના કેસમાં ઈન્કમટેક્ષ કાયદા પ્રમાણે બાદ મળવાપાત્ર ડીડકશનના કારણે નફાની રકમ ઓછી થતી હોય બુક પ્રોફીટ ઉપર ઓલ્ટરનેટ મીનીમમ ટેક્ષ (AMT) .... | ૧૮.૫ % | ૩ % |
| (૪) રૂા.૧૦૦૦૦૦૧ થી ઉપર ની આવક | ૩૦ % | ૩ % | ભરવાપાત્ર ટેક્ષની રકમ ઉપર સરચાર્જ | | |
| ભરવાપાત્ર ટેક્ષની રકમ ઉપર સરચાર્જ | | | (૪) રૂા.૧ કરોડ થી વધુ આવક હોયતો .... | ૧૨% | ૩ % |
| (૫) રૂા.૧ કરોડ થી ઉપર આવક હોય તો | ૧૫ % | ૩ % | | | |
| **(૨) ૬૦ વર્ષ થી ૮૦ વર્ષ સુધીના પુરૂષ અને સ્ત્રીના કેસમાં** | | | | | |
| (૧)પ્રથમ રૂા. ૩૦૦૦૦૦ સુધી | માફી છે. | - | | | |
| (૨) રૂા.૩૦૦૦૦૧ થી રૂા.૫૦૦૦૦૦ સુધી | ૧૦ % | ૩ % | **(૫) પ્રાઈવેટ કે પબ્લીક લીમીટેડ કંપની માટે** | | |
| (૩) રૂા.૫૦૦૦૦૧ થી રૂા.૧૦૦૦૦૦૦ સુધી | ૨૦ % | ૩ % | | | |
| (૪) રૂા.૧૦૦૦૦૦૧ થી વધુ ઉપર આવક | ૩૦ % | ૩ % | (૧) કોઈ આવક માફ નથી | - | - |
| **(૩) ૮૦ વર્ષથી ઉપરના પુરૂષ અને સ્ત્રીના કેસમાં** | | | (૨) તમામ કરપાત્ર આવક ઉપર .......... | ૩૦ % | ૩ % |
| (૧)પ્રથમ રૂા.૫,૦૦,૦૦૦ સુધી | માફી છે. | - | (૩) MAT.......................... | ૧૮.૫ % | ૩ % |
| (૨) રૂા.૫૦૦૦૦૧ થી રૂા.૧૦૦૦૦૦૦ સુધી | ૨૦ % | ૩ % | સરચાર્જ રૂા.૧ કરોડ થી રૂા.૧૦ કરોડ સુધી ... | ૭ % | ૩ % |
| (૩) રૂા.૧૦૦૦૦૦૧ થી વધુ | ૩૦ % | ૩ % | રૂા.૧૦ કરોડથી વધુ રકમ ઉપર .... | ૧૨ % | ૩ % |

નોંધ :-

(૧) અંગત તથા HUF ને ૨૦ લાખ થી વધુ આવક હોયતો AMT લાગુ પડે.

(૨) વ્યકિતના કેસમાં ટેક્ષેબલ આવક રૂા.૫,૦૦,૦૦૦/- સુધીની હોયતો ભરવાપાત્ર ઈન્કમટેક્ષમાંથી વધુમાં વધુ રૂા.૫,૦૦૦/- સુધી નુ ટેક્ષ રીબેટ બાદ મળે છે.

(૩) ભાગીદારી પેઢીને ધંધાના ખર્ચા અને ભાગીદારોની મુડીનું ૧૨% સુધીનું વ્યાજ બાદ કર્યા પછી જે બુક પ્રોફીટ વધે તેમાંથી વર્કીંગ પાર્ટનરોનો પગાર નીચે મુજબ મળે છે.

(૧) રૂા.૧,૫૦,૦૦૦/- સુધીના નફા ઉપર - નફાની રકમના ૧૦૦%

(૨) રૂા.૧,૫૦,૦૦૦/- થી વધુ અને રૂા.૩,૦૦,૦૦૦/- સુધી હોય તો - નફાની રકમના ૯૦%

(૩) રૂા.૩,૦૦,૦૦૦/- થી વધુ નફાની રકમ ઉપર - નફાની રકમના ૬૦%

(૪) ભાગીદારોની મુડીનું વ્યાજ તથા ભાગીદારોનો પગાર બાદ મેળવવા માટે ભાગીદારી દસ્તાવેજમાં તે માટેની જોગવાઈ હોવી જરૂરી છે નહીંતર બાદ મળે નહી.

(૫) અંગત તથા HUF ના કેસમાં LIC, PPF, HOUSING LOAN હપ્તાની મુદ્દલ રકમ વિગેરે રૂા.૧,૫૦,૦૦૦/- સુધી બાદ મળવાપાત્ર છે અને NPS (નેશનલ પેન્શન સ્કીમ) હેઠળ રકમ ભરી હોય તો રૂા.૫૦,૦૦૦/- સુધી બાદ મળવાપાત્ર છે. મેડીકલ વીમો રૂા.૨૫,૦૦૦/- સુધી (સીનીયર સીટીઝન ને ૩૦,૦૦૦) અને હાઉસીંગ લોનનું વ્યાજ રૂા.૨,૦૦,૦૦૦/- સુધી બાદ મળવાપાત્ર છે.

## (૩) કુલ આવકમાંથી બાદ મળવાપાત્ર કપાત :-

(૧) અંગત તથા HUF ના કેસમાં :-

(૧) LIC, PPF, બે બાળકો સુધીની સ્કુલ ફી, હાઉસીંગ લોનના ભરેલા હપ્તાની રકમ NSC વિગેરે મળીને રૂા.૧,૫૦,૦૦૦/- સુધીની રકમ બાદ મલે છે. તથા NSP (નેશનલ પેન્સન સ્કીમ) માં ભરેલી રૂા.૫૦,૦૦૦/- સુધીની રકમ બાદ મલે છે.

(૨) અંગત / HUF ના કેસમાં મેડીકલેઈમ વીમા પ્રીમીયમની ભરેલી રૂા.૨૫,૦૦૦/- સુધીની રકમ અથવા મેડીકલેઈમ વીમા પ્રીમીયમની રકમ રૂા.૨૫,૦૦૦/- થી ઓછી ભરેલી હોય તો વર્ષ દરમ્યાન પોતાની કે કુટુંબના સભ્ય અંગેની મેડીકલ ટ્રીટમેન્ટનો ખર્ચ ગણતરીમાં લઈને વધુમાં વધુ રૂા.૩૦,૦૦૦/- સુધી

(૩) ઉપરોકત જોગવાઈમાં અપવાદ કરેલો છે કે મેડીકલ ઈન્સ્યોરન્સ પ્રીમીયમ ભરનાર વ્યકિતની ઉંમર ૬૦ વર્ષ થી ઉપર હોય તો મેડીકલ વીમા પ્રીમીયમ રૂા.૩૦,૦૦૦/- સુધી બાદ મળશે.

(૪) ઉપરોકત જોગાવાઈમાં વધારાની જોગવાઈ છે કે પેરેન્ટસ (મા-બાપ)ની મેડીકલ વીમા પોલીસી ઉપર ભરેલું પ્રીમીયમ રૂા.૨૫,૦૦૦/- સુધી બાદ મળવા પાત્ર છે અને પ્રીમીયમની રકમ ઓછી હોય તો મેડીકલ ટ્રીટમેન્ટ ના ખર્ચ સાથે વધુમાં વધુ રૂા.૩૦,૦૦૦/- બાદ મળે અને પેરેન્ટસ ની ઉંમર ૬૦ વર્ષથી વધુ હોય તો રૂા.૨૫,૦૦૦/- ને બદલે રૂા.૩૦,૦૦૦/- મેડીકલ હેલ્થ ચેકઅપ ના ૫,૦૦૦/- સાથે બાદ મળશે.

(૫) હેન્ડીકેપ વ્યકિતને નિયમ પ્રમાણે રૂા.૭૫,૦૦૦/- કે રૂા.૧,૨૫,૦૦૦/- ની રકમ બાદ મળે છે.

(૬) 80G માફી સર્ટીફીકેટ ધરાવતી સંસ્થાને આપેલા દાન ની રકમના ૫૦% રકમ બાદ મળે છે પણ કુલ આવક ના ૧૦% થી વધુ રકમનું દાન મજરે મળતું નથી. આવી દાનની રકમ રૂા.૧૦ હજાર થી વધુ હોય તો A/C PAY ચેક/ડી.ડી. થી આપેલ હોય તો જ બાદ મળે.

## (૪) જુદા-જુદા પ્રકારની ઈન્કમટેક્ષ T.D.S. નો કોઠો :-

| કલમ | | ચુકવણીનો પ્રકાર તથા નિયત મર્યાદા | T.D.S. નો દર |
|---|---|---|---|
| 192 | | ટેક્ષેબલ પગારની ચુકવણી ઉપર વ્યક્તિના કેસમાં લાગુ પડતા દર પ્રમાણે | |
| 193 | (૧) | ૮% ના સેવિંગ્સ બોન્ડ ઉપર વાર્ષિક રૂ.૧૦,૦૦૦/- થી વધુ વ્યાજની ચુકવણી ઉપર | ૧૦% |
| | (૨) | પબ્લીક કંપની દ્વારા ડીબેંચર ઉપર વાર્ષિક રૂ.૫,૦૦૦/- થી વધુ વ્યાજની ચુકવણી ઉપર | ૧૦% |
| 194A | (૧) | બેંકો/કો.ઓ.બેંક તથા પોસ્ટ ઓફિસ સિવાય ગમે તે દ્વારા વ્યાજની વાર્ષિક રૂ. ~~૧૦,૦૦૦~~ ૫૦૦૦/ - થી વધુ ચુકવણી ઉપર | ૧૦% |
| | (૨) | બેંકો/કો.ઓ.બેંક તથા પોસ્ટ ઓફિસ વ્યાજની વાર્ષિક રૂ.૧૦,૦૦૦/- થી વધુ ચુકવણી કરે તેના ઉપર | ૧૦% |
| 194C | (૧) | વ્યક્તિ કે HUF હોય તેવા કોન્ટ્રાક્ટર કે સબ કોન્ટ્રાક્ટર કે એડવર્ટાઈઝીંગ એજન્ટ કે ટ્રાન્સપોર્ટર ને પેમેન્ટ આપવામાં આવે ત્યારે..... | ૧% |
| | (૨) | ભાગીદારી પેઢી કે કંપની હોય તેવા કોન્ટ્રાક્ટર / સબ કોન્ટ્રાક્ટર ને પેમેન્ટ આપવામાં આવે ત્યારે..... | ૨% |
| | (૩) | ૧૦ કે તેથી ઓછી ટ્રક ધરાવનાર ટ્રાન્સપોર્ટરના કેસમાં જો PAN અને ડેકલેરેશન પુરૂ પાડવામાં આવે તો... | શુન્ય |
| | (૪) | ૧૦ કે તેથી ઓછી ટ્રક ધરાવનાર ટ્રાન્સપોર્ટરના કેસમાં જો PAN પુરો પાડવામાં ન આવે તો... | ૨૦% |
| | (૫) | ૧૦ થી વધુ ટ્રક ધરાવનાર ટ્રાન્સપોર્ટરના કેસમાં જો PAN પુરો પાડવામાં આવે તો(અંગત-HUF ના કેસમા ૧%) તે સિવાય.............................................. | ૨% |
| | (૬) | ટ્રાન્સપોર્ટ કોન્ટ્રાક્ટર (જેની પોતાની ટ્રક ના હોય) ના કેસમાં PAN પુરો પાડવામાં આવેતો(અંગત-HUF ને ૧%)તે સિવાય.............................................. | ૨% |
| | (૭) | ટ્રાન્સપોર્ટ કોન્ટ્રાક્ટર (જેની પોતાની ટ્રક ના હોય) ના કેસમાં PAN પુરો પાડવામાં ન આવેતો.... | ૨૦% |
| | (૮) | ઉપર મુજબનું પેમેન્ટ એક સાથે રૂ.૩૦,૦૦૦/- થી ઓછું કરવામાં આવે અને આખા વર્ષ દરમિયાન પેમેન્ટ રૂ.૧,૦૦,૦૦૦/- થી ઓછું હોય તો..... | ૦% |
| 194H | (૧) | કમીશન/દલાલી વાર્ષિક રૂ.૧૫,૦૦૦/- થી વધુ ની ચુકવણી કરવામાં આવેતો | ૫% |
| 194I | (૧) | જમીન કે મકાન નું વાર્ષિક ભાડુ રૂ.૧,૮૦,૦૦૦/- થી વધુની ચુકવણી ઉપર | ૧૦% |
| | (૨) | મશીનરી પ્લાન્ટ ઈક્વીપમેન્ટનું વાર્ષિક ભાડુ રૂ.૧,૮૦,૦૦૦/- થી વધુની ચુકવણી ઉપર | ૨% |
| 194IA | (૧) | ખેતીની જમીન સિવાય અન્ય સ્થાવર મિલ્કત રૂ.૫૦ લાખ થી વધુ રકમની ખરીદનારે વેચાણ કરનારને ચુકવવાની રકમ ઉપર TDS કરવીપડે જે રકમવેચાણ કિંમતમાંથી કાપીને ભરવાની છે. | ૧% |
| 194J | (૧) | પ્રોફેશનલ તથા ટેકનીકલ સર્વિસીસ ફી રૂ. ૩૦,૦૦૦/- થી વધુ રકમની ચુકવણી ઉપર | ૧૦% |
| 194LA | (૧) | સ્થાવર મિલ્કતના ફરજીયાત સંપાદન ના કેસમાં રૂ. ~~૨૦,૦૦૦~~ ૨,૫૦,૦૦૦/ /- થી વધુ રકમની ચુકવણી ઉપર | ૧૦% |
| 195 | (૧) | નોન રેસીડેન્ટને આપવામાં આવતી વ્યાજ, ભાડુ, નફાનો ભાગ વિગેરે ચુકવણી માટે | જુઓ પેરા (૫) |
| નોંધ:- | | ઉપર પ્રમાણે જેની કપાત કરવાની હોય તે વ્યક્તિ કપાત કરનારને P.A.No. પુરો ન પાડે તો અથવા P.A.No. ના હોય તો | ૨૦% |

## (૫) કલમ - 195 હેઠળ નોન રેસીડન્ટને કોઈપણ પ્રકારની આવક ઉપર કરવાની T.D.S. :-

(૧) કોઈપણ વ્યક્તિ, પેઢી, કંપની, LLP કે HUF નોન રેસીડેન્ટ વ્યક્તિ/HUF/ પેઢી / કંપનીને વ્યાજ, ભાડુ વિગેરે ચૂકવે કે ખાતામાં જમા કરે તો આ TDS કરવી પડે.

(૨) નોન રેસીડન્ટને નાની કે મોટી ગમે તે રકમની આવક ચુકવવામાં આવે કે જમા કરવામાં આવે તો આ TDS લાગુ પડે દા.ત. વ્યાજ રૂા. ૫૦૦/- ચુકવવામાં આવે તો પણ TDS કરવી પડે એટલે કે આ TDS માટે કોઈ માફી રકમ નથી. નોન રેસીડન્ટને ભાગીદાર તરીકે નફો આપવામાં આવે તો પણ TDS કરવી પડે.

(૩) નોન રેસીડન્ટ કેસમાં જે TDS થઈ હોય તેનું રીફંડ લેવા માટે નોન રેસીડન્ટ ને આવક ટેક્ષેબલ હોય તો ભરવાપાત્ર ટેક્ષ સામે આવી TDS રકમ બાદ મળે અને બાકીની વધારાની રકમનું રીફંડ મળે. પણ PAN હોવો જોઈએ.

(૪) નોન રેસીડન્ટને ચૂકવવાની આવકમાંથી કરવાની TDS ના દર નીચે પ્રમાણે છે.

(૧) U.S.A./U.K./Canada/Australia માં રહેતા હોય તેવા નોન રેસીડન્ટ જો તે દેશની સરકારનું Tax Residency Certificate (TRC) આપે તો ૧૫.૪૫% લેખે નહીતર ૩૦.૯૦% લેખે

(૨) ઉપરના દેશો સિવાય અન્ય દેશોમાં રહેતા હોય તેવા Non-Resident માટે ૩૦.૯૦% લેખે

(૩) નોન રેસીડન્ટ TDS માફી માટે ફોર્મ 15G/15H આપી શકતા નથી એટલે ગમે તેટલી રકમ હોય તો પણ ઉપર મુજબ TDS કરવી પડે.

(૫) જે વ્યક્તિ વર્ષ દરમ્યાન મીનીમમ ૧૮૨ દિવસ ઈન્ડીયા માં રહેલ ન હોય તે નોન રેસીડન્ટ ગણાય

## (૬) વ્યકિત/HUF/Charity Trust એ TDS થાય નહી તે માટે આપવાનું ફોર્મ 15G/15H :-

(૧) ૬૦ વર્ષ સુધીની વ્યકિત કે HUF ના કેસમાં કુલ વ્યાજની આવક રૂા.૨,૫૦,૦૦૦/- થી ઓછી હોય અને પોતાની ગ્રોસ આવક ટેક્ષેબલ ના હોય તો ફોર્મ 15G તા.૩૧-૦૩-૨૦૧૭ સુધીમાં આપે તો કપાત થાય નહી.

(૨) ૬૦ વર્ષ થી ઉપરની વ્યકિતના કેસમાં નેટ આવક ઉપર ટેક્ષ ભરવાનો થતો ના હોય તો તા.૩૧-૦૩-૨૦૧૭ સુધીમાં ફોર્મ 15H આપે તો કપાત થાય નહી.

(૩) ૮૦ વર્ષ થી ઉપરની વ્યકિતના કેસમાં નેટ આવક ઉપર ટેક્ષ ભરવાનો થતો ના હોય તો તા.૩૧-૦૩-૨૦૧૭ સુધીમાં ફોર્મ 15H આપે તો કપાત થાય નહી.

(૪) ફોર્મ 15G/15H માં નીચેની વિગત ભરવી જરૂરી છે.

(૧) વ્યાજ મેળવનારનું નામ તથા પુરૂ સરનામું એટલે કે મકાનનું નામ, મકાનનો મ્યુનીસીપલ નંબર, રોડ રસ્તો, એરીયા, પીનકોડ, લેન્ડલાઈન ટેલીફોન નંબર, મોબાઈલ નંબર (૨) ધંધાનો પ્રકાર(૩) PAN (૪) ઈન્કમટેક્ષનું રીટર્ન કઈ સાલ માટે ભરેલ અને કયા વોર્ડમાં અને કયા ગામમાં ભરેલું ?(૫) અંદાજે કુલ આવક કેટલી થશે? વ્યાજની તથા અન્ય (વર્ષ F.Y. 16 -17માટે) (૬) જે પેઢીમાં પૈસા આપેલા હોય તે પેઢીમાથી વ્યાજ નાં ખેલા ખાતાની કોપી (૭) કુલ કેટલા ફોર્મ 15G/15H આપેલા છે તેની વિગત લખવાની છે.

(૫) જો PAN ન હોય તો ફોર્મ 15G કે ફોર્મ નંબર 15H આપી શકાય નહી પરિણામે વ્યાજ કપાત ૨૦% લેખે કરવી પડે.

(૬) કામ્પ્યુટર માં ફોર્મ 15G કે ફોર્મ 15H માટેની વિગત તા.૩૧-૦૩-૨૦૧૭ પહેલા અમને મોકલવી જેથી ફોર્મ 15G/15H તૈયાર કરી મોકલી શકાય. આ ફોર્મનુ પછી Online e - ફાઈલીંગ કરવાનું છે.

(૭) આવા ફોર્મ 15G કે ફોર્મ 15H આવા ફોર્મ મેળવનારે ૭ વર્ષ સુધી સાચવવા ફરજીયાત છે અને ઈન્કમટેક્ષ ઓફીસ જ્યારે આવું કોઈ ફોર્મ મંગાવે ત્યારે ફોર્મ મેળવનારે રજુ કરવું ફરજીયાત છે.

## (૭) ટેક્ષ કલેકશન એટ સોર્સ (T.C.S.) :-

(૧) જે વેપારી નીચેની વસ્તુઓનું વેચાણ કરતા હોય તેમને જ આ જોગવાઈ લાગુ પડે છે.

(૧) દારૂ (૨) બીડી પત્તા (૩) જંગલમાંથી મેળવેલ લાકડુ (૪) જંગલની અન્ય પેદાશો (૫) ભંગાર એટલે કે કોઈપણ જાતનો ભંગાર (૬) મીકેનીક કામકાજમાંથી નીકળતો વેસ્ટેજ ભંગાર તથા કોન્ટ્રાકટરના ધંધામાંથી નીકળતો ભંગાર તથા સોના-ચાંદી કે અન્ય મેટલનો ભંગાર (જયારે આ ભંગાર મુળ સ્વરૂપે વાપરી શકાય તેવો હોય નહી)

(૨) ઉપરોક્ત વસ્તુઓનું જ્યારે વેચાણ કરવામાં આવે ત્યારે ખરીદનાર પાસેથી લાગુ પડતાં દરે (જેનો દર ૧% થી ૫% છે) TCS વસુલ કરી ભરવો પડે. TCS ના દર જે તે આઇટમ માટે અમને પુછી લેવા.

(૩) TDS ની જોગવાઇ માફક જ આ રીતે ઉઘરાવેલો TCS સમયસર ભરવો પડે અને તેના ત્રિમાસિક સ્ટેટમેન્ટ ભરવા પડે નહીંતર દંડ થાય.

(૪) જો ઉપરોકત વસ્તુઓનું વેચાણ કરનાર ખરીદનાર પાસેથી TCS ઉઘરાવે નહી તો ઘરનો TCS ભરવો પડે.

## (૮) બુલીયન તથા જવેલરીના વેચાણ ઉપર TCS :-

(૧) સોના (Bullion) નું વેચાણ રોકડેથી રૂા.૨ લાખથી વધુ રકમનું કરવામાં આવે અથવા

(૨) રૂા.૫ લાખથી વધુ રકમના સોના-ચાંદીના દાગીના કે હીરાના દાગીનાનું વેચાણ રોકડેથી કરવામાં આવે

(૩) તો વેચનારે ૧% લેખે TCS ભરવો પડે. જે ખરીદનાર પાસેથી વસુલ કરવાનો છે.

## (૯) રૂા.૨,૦૦,૦૦૦/- થી વધુ રોકડ વેચાણ કે સર્વિસ પુરી પાડનારે કરવાની ટેક્ષ કલેકશન એટ સોર્સ TCS:-

(૧) એક જ વેચાણ માટે કે એકજ સર્વિસ માટે રૂા.૨,૦૦,૦૦૦/- થી વધુ રોકડાથી લેવામાં આવેતો ૧% લેખે TCS ભરવો પડે.

(૨) જો બીલની રકમ રૂા.૨,૦૦,૦૦૦/- થી વધુ હોય પણ રોકડેથી રૂા.૨,૦૦,૦૦૦/- થી ઓછી રકમ લીધી હોય તો TCS કરવાની જોગવાઇ લાગુ પડતી નથી.

(૩) ખાતા પ્રમાણે રૂા.૨,૦૦,૦૦૦/- થી વધુ રકમના વેચાણ કે સર્વિસ પુરી પાડનાર વેપારીએ ગ્રાહકનો PAN લખવો ફરજીયાત છે અને જો PAN ના હોય તો ફોર્મ નં.૬૦ મેળવવું ફરજીયાત છે.

(૪) આવા મેળવેલ Form 60 ની માહિતીનું રીટર્ન Form 61 માં દર છ મહિને ભરવાનું છે અને વાર્ષિક રીટર્ન Form 61A માં ભરવાનું છે.

## (૧૦) TDS અને TCS ની જોગવાઇ કોને લાગુ પડે :-

(૧) કંપની (૨)ભાગીદારી પેઢી (૩) ટ્રસ્ટ (૪) ઓડીટ કરાવતી માલિકી પેઢી (૫) L.L.P. દરેક ને આ જોગવાઇ લાગુ પડે છે.

## (૧૧) TDS અને TCS ભરવાની મુદત :-

(૧) જે મહીનામાં કપાત કરી હોય તે પછીના મહીનાની ૭ તારીખ સુધીમાં કરેલી કપાતની રકમ ભરી દેવી પડે. ૩૧ માર્ચ ના કપાત કરી હોય તો ૩૦ એપ્રીલ સુધી ભરી શકાય.

## (૧૨) કલમ 44AD હેઠળ ૮% લેખે અંદાજીત આવક :-

જે વેપારી ભાઇઓ ને ચોપડા મુજબ નેટ નફો ૮% થી ઓછો હોય પરંતુ ટર્ન ઓવર ના ૮% પ્રમાણેની આવક ગણી રીટર્ન ભરતા હોય તેમના માટે ચાલુ નાણાકીય વર્ષ ૨૦૧૬-૧૭ થી નીચે પ્રમાણે ફેરફાર થયા છે.

(૧) આ યોજનાનો જે વેપારી ભાઇઓને લાભ લેવો હોય તેમના માટે ગ્રોસ વકરો કે રીસીપ્ટ ની મર્યાદા ગઇ સાલ સુધી રૂ.૧ કરોડ હતી તે વધારીને ચાલુ વર્ષથી રૂ.૨ કરોડ કરેલી છે.

(૨) ગઇ સાલ સુધી ભાગીદારી પેઢીના કેસમાં ભાગીદારોને ચુકવાતા વ્યાજ અને પગારની રકમ ૮% પ્રમાણે જે આવક થાય તેમાંથી બાદ મળવાપાત્ર હતી પરંતુ ચાલુ વર્ષથી આ જોગવાઇમાં ફેરફાર કરી ૮% પ્રમાણે જે આવક થાય તેમાંથી ભાગીદારો ને ચુકવાતા વ્યાજ અને પગારની રકમ બાદ મળશે નહી. એટલે ભાગીદારી પેઢીના કેસમાં આ જોગવાઇ નો લાભ લેવો કે કેમ તે દરેક ભાગીદારી પેઢીએ સમજી લેવું જરુરી છે.

(૩) ગઇ સાલ સુધી અંદાજીત આવકનો લાભ લેનાર પછીના વર્ષમાં આ યોજનાનો લાભ ન લેવો હોય તો આવક પ્રમાણે જરુર હોય તો ઓડીટ કરાવી ને લાભ લઇ શકતા હતા પરંતુ ચાલુ વર્ષ થી આ જોગવાઇમા ફેરફાર કરેલો છે. તે મુજબ જે વેપારી આ અંદાજીત આવક યોજનાનો લાભ જે વર્ષમાટે લે તે પછી ના પાંચ વર્ષ સુધી આજ યોજના હેઠળ અંદાજીત આવક દર્શાવવાની રહેશે તેમ છતા જો કોઇ વેપારી આ રીતે પાંચ વર્ષ સુધી આજ યોજના હેઠળ અંદાજીત આવક દર્શાવે નહી તો તે પછીના પાંચ વર્ષ સુધી આવા વેપારી આ અંદાજીત આવક યોજનાનો લાભ લઇ શકશે નહી.

એટલે કે કલમ 44AD હેઠળ જરુરી ઓડીટ કરાવી ને આવક દર્શાવવાની રહેશે.

(૪) કલમ 44AD માટે ગ્રેસ વકરો કે રીસીપ્ટ ની મર્યાદા રૂ.૨ કરોડ કરેલી છે તે કલમ 44AB હેઠળ ઓડીટ કરાવતા વેપારીઓને લાગુ પડતી નથી અને તેમના કેસમાં ગઇ સાલ સુધીની ટર્ન ઓવરની લીમીટ રૂ. ૧ કરોડ છે તે જ ચાલુ રહેશે એટલે કે જે વેપારી ભાઇઓ નુ ધંધાનું ટર્ન ઓવર રૂ. ૧ કરોડ થી વધારે હોય અને નફો ૮% થી ઓછો હોય કે નુકસાન હોય તેમણે કલમ 44AB હેઠળ ઓડીટ કરાવવું ફરજીયાત છે.

(૫) કલમ 44AD હેઠળ રૂ. ૨ કરોડ સુધીનું ટર્ન ઓવર હોય અને ૮% પ્રમાણે અંદાજીત આવક ઉપર ટેક્ષ ભરે તો તેમને ઓડીટ કરાવવું જરુરી નથી.

(૬) કલમ 44ADA હેઠળ પ્રોફેશનલ આવક ધરાવતા કરદાતાઓ એટલે કે ડોક્ટર/વકીલ /આર્કીટેક વિગેરે ની વાર્ષીક ગ્રોસ રીસીપ્ટ રૂ.૫૦ લાખ થી વધારે ના હોય તો તેઓ પણ કલમ 44ADA હેઠળ અંદાજીત આવક ની યોજના હેઠળ ગ્રોસ રીસીપ્ટ ના ૫૦% પ્રમાણે આવક અંદાજી લાભ લઇ શકશે પરંતુ આ અંદાજીત આવકમાંથી કોઇ ઘસારો કે ખર્ચ બાદ મળવાપાત્ર નથી.

## (૧૩) વર્ષ આખરે કલોઝીંગ સ્ટોક - માલ બેલેન્સ વેલ્યુએશન માટેની જોગવાઇ :

તા.૩૧-૦૩-૨૦૧૭ ના કલોઝીંગ સ્ટોક એટલે કે માલ બેલેન્સ ના વેલ્યુએશન માટે ની ફરજીયાત જોગવાઇ :

(૧) ઈન્કમટેક્ષ કાયદામા ઈન્કમટેક્ષ કોમ્પ્યુટેશન એન્ડ ડીસ્કલોઝર સ્ટાન્ડર્ડ જાહેર કરેલ છે તે પ્રમાણે વર્ષ આખરે માલ સ્ટોક નુ વેલ્યુએશન કેવી રીતે કરવું જોઇએ તેની જાહેરાત કરી છે. તે મુજબ નીચેની વિગતે સ્ટોકનુ વેલ્યુએશન કરવું જોઇએ.

(૧) માલ ની પડતર કિંમત જેમાં ટેક્ષ સાથેની ખરીદ કિંમત+ ટ્રાન્સપોર્ટેશન અને મજુરીનો સમાવેશ થાય છે.

અથવા

માલની વેચાણ ની જેરકમ ઉપજી શકે તેમ હોય એટલે કે માલની વેચાણ કિંમત (નેટ રીઅલાઇઝેબલ વેલ્યુ)

<u>આ બે માંથી જે રકમ ઓછી હોય તે રકમ માલ સ્ટોક તરીકે મુકવાની રહેશે.</u>

(૨) સ્ટોકની પડતર કિંમત ગણવા માટે "FIFO" મેથડ એટલે કે ''ફર્સ્ટ ઈન ફર્સ્ટ આઉટ'' પ્રમાણે જે માલ પહેલા ખરીદ કરેલો હોય તે પહેલો વેચાણ થઇ ગયો તેમ ગણાય એટલે જેટલા વજનનો સ્ટોક હોય તેટલા વજનની છેલ્લી ખરીદીની પડતર કિંમત કોસ્ટમાં ગણાય.

અથવા

ખરીદી વધારે હોય અને વેચાણ ઓછુ હોયતો ''વેઈટેડ એવરેજ ખરીદ કિંમત'' સ્ટોકની કોસ્ટ નક્કી કરવા માટે ગણી શકાય.

(૩) માલ સ્ટોક ઉપર વ્યાજ ભરવું પડતુ હોય તો વ્યાજની રકમ સ્ટોકમાં ઉમેરી શકાય નહી.

(૪) તેવીજ રીતે ગોડાઉન ભાડું કે બીજુ ઓફીસ ખર્ચ વિગેરે પણ સ્ટોકમાં ઉમેરી શકાય નહી.

(૫) તા.૩૧-૦૩-૨૦૧૭ ના રોજ માલ સ્ટોકમાં હોય તેનું વેલ્યુએશન ઉપરની પદ્ધતિથી કરવું જરૂરી છે. અને જો તેમ પુરવાર કરી શકાય નહી તો સ્ટોકનું વેલ્યુએશન ઇન્કમટેક્ષ ખાતું ઉપરની પદ્ધતિથી કરી શકશે અને જો સ્ટોકનું વેલ્યુએશન ઓછું મુકેલું હોય તો ડીફરન્સની રકમ આવકમાં ઉમેરી શકશે અને જો સ્ટોકની વેલ્યુએશનની રકમ વધારે મુકી હોય તો તેટલી સ્ટોકની રકમ ઓછી કરી શકશે.

(૬) વેલ્યુએશનમાં તફાવત માટે પેનલ્ટી થઇ શકશે.

(૭) ઘણી વખત માલ સ્ટોક વધુ સમય પડી રહે છે તેથી વ્યાજ, વખાર ભાડું અને ઓફિસ ખર્ચ વગેરે ખર્ચની રકમ કેટલાક વેપારી માલ સ્ટોકની રકમમાં ઉમેરીને નફો-નુકશાન બતાવતા હોય છે પણ ચાલુ વર્ષથી આ પદ્ધતિ બંધ થઇ છે.

(૮) એટલે તા.૩૧-૦૩-૨૦૧૭ ના જે સ્ટોક બાકી રહે તેનુ વેલ્યુએશન ઉપરની પદ્ધતિ પ્રમાણે કરવું પડશે. અને પછી તા.૩૧-૦૩-૨૦૧૭ ના પુરા થતાં વર્ષ માટે નફો-નુકશાન કેટલું રહેશે તે નક્કી કરી જરૂર મુજબ એડવાન્સ ટેક્ષ ભરવાનો રહે.

(૯) કોન્ટ્રાક્ટરોના કેસમાં તથા બિલ્ડરોના કેસમાં વર્ષ આખરે ૩૧ મી માર્ચના રોજ ઉપરના સિધ્ધાંતો પ્રમાણે નીચેની રીતે સ્ટોક મુકવો પડે :

(૧) માલ સામાન અને મટીરીયલ્સના સ્ટોકની ગણત્રી કરી પડતર કિંમતે કલોઝીંગ સ્ટોક બતાવવો પડે.

(૨) વર્ક ઈન પ્રોગ્રેસની ગણત્રી કરી તેની પડતર કિંમત બતાવવી પડે.

(૩) માલ સામાન કે મજુરીનું એડવાન્સ પેમેંટ કરેલું હોય તો તે રકમ નફા-નુકશાનમાં માંડી નહી વાળતા આગળ ખેંચવી પડે.

(૪) તેવીજ રીતે એડવાન્સ રકમ જે મળી હોય તે બીલમાં નહી ગણતાં આગળ ખેંચવી પડે અને કામ થાય તેના પ્રમાણસર બીલની આવક તરીકે જમા લેવી જોઈએ.

(૫) કામ એક વર્ષથી વધુ વર્ષ માટે ચાલુ રહે તો તા.૩૧-૦૩-૨૦૧૭ સુધી થયેલા કામનું નફો-નુકશાન બતાવવું પડે કારણ પ્રોજેક્ટ પુરો થયેથી નફો-નુકશાન બતાવવાની પધ્ધતિ બંધ થઈ છે.

(૧૦) ઉત્પાદકોના કેસમાં પણ ઉપર પ્રમાણે ફીનીશ્ડ પ્રોડકટ, રો મટીરીયલ્સ-સેમી ફીનીશ્ડ ગુડસ-કન્ઝુમેબલ સ્ટોર્સ વિગેરેનો સ્ટોક ઉપરોકત વિગત પ્રમાણે ગણતરીમાં લેવો જોઈએ.

(૧૧) આ અંગે ચર્ચા કે માર્ગદર્શન જરૂરી હોય તો રૂબરૂ મળશો.

## (૧૪) PAN (પરમેનેન્ટ એકાઉન્ટ નંબર) ની અગત્યતા :-

(૧) વેપાર, ધંધા કે નોકરી કરતા હોય કે બેંક ખાતું ખોલાવવું હોય કે સ્થાવર મિલ્કત ખરીદવી હોય કે વેચવી હોય કે ઈન્કમટેક્ષ ભરવો હોય કે ફોટો આઈડેન્ટી પ્રુફ આપવું હોય તો PAN વગર ચાલે તેમ નથી એટલે કે PAN હોવો જરૂરી અને ફરજિયાત છે.

(૨) PAN ખોટો લખવામાં આવે તો રૂ.૧૦,૦૦૦/- નો દંડ થાય તેવી જોગવાઈ છે. માટે PAN સાચો લખવાની કાળજી લેવી. તે માટે PAN નો સિક્કો બનાવી જરૂર હોય ત્યાં લગાવવો સલાહ ભર્યું છે.

(૩) જેમને પોતાને મળતી આવક માંથી TDS થવાની હોય તેમણે આવી રકમનું પેમેન્ટ કરનાર ને PAN ની ઝેરોક્ષ કોપી આપવી જરૂરી છે. જેથી ભુલ પડે નહી.

(૪) પેમેન્ટ આપનાર તથા પેમેન્ટ લેનાર બંને એ એક બીજાને મોકલવામાં આવતાં બીલ કે ઈન્વોઈસ કે ખાતાના ઉતારા કે પત્ર વ્યવહાર કે દસ્તાવેજો વિગેરેમાં પોતાનો PAN લખવો જરૂરી છે.

(૫) ટ્રાન્સપોર્ટ નો ધંધો કરનારે ટ્રાન્સપોર્ટ રસીદમાં PAN છપાવવો હીતાવહ છે.

(૬) સમગ્ર રીતે જોઈએ તો PAN આઈડેન્ટીટી નું કામ કરે છે તે સ્વીકારવું રહ્યું.

(૭) PAN મેળવનારની જવાબદારી

(૧) જેમણે સામેની વ્યકિત પાસેથી PAN મેળવેલ હોય તે સાચો છે તે પુરવાર કરવાની જવાબદારી PAN મેળવનાર ઉપર નાખેલ છે. એટલે PAN ની ઝેરોક્ષ સહી કરાવીને લેવી.

## (૧૫) રૂ.૫૦૦/, રૂ.૧,૦૦૦/ ની નોટબંધી પછી ઈન્કમટેક્ષ કાયદામાં થયેલા સુધારા :

(૧) આ કલમ હેઠળ નીચે પ્રમાણે જોગવાઈ કરવામાં આવી છે.

(૧) કેશ ક્રેડીટ એટલે કે ચોપડામાં કોઈ ખાતામાં જમા કરેલી રકમ

(૨) ખુલાસા વગરનું સ્થાવર જંગમ મિલ્કતમાં રોકાણ

(૩) ખુલાસા વગરની રોકડ રકમ કે સોનું દર-દાગીના ઝવેરાત કે અન્ય કિંમતી વસ્તુઓ

(૪) સ્થાવર કે જંગમ મિલકતમાં કરેલું રોકાણ હિસાબી ચોપડામાં દર્શાવેલ ના હોય તો આવી રકમો ઉપર સળંગ ૩૦% લેખે ઈન્કમટેક્ષ તથા ૩% લેખે સેસ લાગે છે. અને શરૂઆતની મળવાપાત્ર રૂ.૨,૫૦,૦૦૦/- ની માફી કે વિમા વિગેરેમાં કરેલું રોકાણ બાદ મળતું નથી એટલે ટેક્ષેબલ આવક ના હોય કે નુકશાન હોય તો પણ ઉપરોકત રકમો ઉપર સળંગ ૩૦% ટેક્ષ લાગે છે.

(૨) ઉપરની જોગવાઈમાં તા.૧૫-૧૨-૨૦૧૬ થી નીચે પ્રમાણે સુધારો કરેલ છે :-

(૧) ઉપર પેરા-૧ માં લખ્યા પ્રમાણેની આવક એસેસમેન્ટમાં ઉમેરવામાં આવે કે વેપારી પોતે રીટર્નમાં બતાવે તો ઈન્કમટેક્ષ ૬૦% લેખે સળંગ લાગશે એટલે કે કોઈ માફી કે કપાત કે નુકશાન બાદ મળશે નહી.

(૨) ઉપર મુજબની આવક જો રીટર્નમાં બતાવેલી હશે તો પેનલ્ટી લાગશે નહી.

(૩) પરંતુ ઉપર પ્રમાણેની આવક જો રીટર્નમાં બતાવી ના હોય અને એસેસમેન્ટમાં ઉમેરવામાં આવે તો ટેક્ષ ની રકમના ૧૦% લેખે પેનલ્ટી લાગશે.

**(૧૬) <u>નોટબંધી પછી બેંક ખાતામાં ભરેલી રૂા૫૦૦/, ૧,૦૦૦/ ની નોટો અંગે :</u>**

(૧) જેમણે નોટબંધી પછી તા.૩૦-૧૨-૨૦૧૬ સુધીમાં બેંક ખાતામાં કે પોસ્ટ ઓફિસના ખાતામાં રદ કરેલી રૂા.૫૦૦/-, રૂા.૧,૦૦૦/- ની નોટો ભરેલી છે તેની સંપુર્ણ વિગત ઈન્કમટેક્ષ ખાતાએ PAN આધારે મેળવી લીધી છે અને હાલમાં કેટલાક કેસોમાં આ રીતે બેંક ખાતામાં ભરેલી નોટો અંગેની વિગત ઓનલાઈન પુરી પાડવાની નોટીસો આવેલી છે.

(૨) નોટબંધી વખતે કરેલી જાહેરાત પ્રમાણે ટેક્ષ ભરતા કરદાતાની ચોપડાની પુરાંતમાંથી રકમ ભરેલી હોય કે ભરેલી રકમ કયાંથી મળેલી તેનો પુરાવો હોય તે વિગતો આ ઓનલાઈન જવાબમાં લખવાની છે.

(૩) જો ચોપડાની સિલક માંથી કે અન્ય પુરાવા સિવાયની જુની નોટો બેંકમાં ભરી હોય તો તા.૩૧-૦૩-૨૦૧૭ સુધી જાહેર કરેલી નવી પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના ૨૦૧૬ હેઠળ આવક જાહેર કરીને નિયમ પ્રમાણે ટેક્ષ ભરવાથી શાંતિ ખરીદી શકાશે એટલે કે આ રીતે ભરેલી નોટો ની પુછપરછ બંધ થશે.

(૧) ખુલાસો/પુરાવો આપી ન શકાય તેવી રકમના ૩૦% લેખે ટેક્ષ લાગશે + આ ટેક્ષની રકમના ૩૩% પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ સેસ ઉમેરવાનો રહેશે + ૧૦% પેનલ્ટીની રકમ ઉમેરવાની થશે. એટલે કે કુલ ટેક્ષ ૩૦+૯.૯૦+૧૦ = ૪૯.૯૦% ટેક્ષ ભરવો પડે.

(૨) ઉપર મુજબ ૪૯.૯૦% ટેક્ષ ઉપરાંત ૨૫% લેખે ૪ વર્ષ માટે ડીપોઝીટ વગર વ્યાજે પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ ડીપોઝીટ સ્કીમ હેઠળ બેંકમાં મુકવી પડશે.

(૩) ઉપર મુજબ ૪૯.૯૦% ઈન્કમટેક્ષ નું ચલણ ભરીને તથા ૨૫% પ્રમાણેની વગર વ્યાજની ડીપોઝીટની રકમ બેંકમાં ભરીને તેની પાવતી સાથે ડીસ્કલોઝર ડેકલેરેશન રજુ કરવાથી કોઇ પુછપરછ વગર બેંકમા ભરેલી ડીપોઝીટ માન્ય રાખવામાં આવશે.

**(૧૭) <u>પેનલ્ટી માટેની નવી જોગવાઈ :-</u>**

(૧) **<u>આવક ઓછી બતાવવા બદલ ૫૦% દંડ</u>**

**<u>નીચેના સંજોગોમા આવક ઓછી બતાવેલી ગણાશે :-</u>**

(૧) એસેસમેન્ટ ઓર્ડર પ્રમાણે ની આવક રીટર્ન માં બતાવેલી આવક કરતા વધુ હોય તો જેટલી આવક વધારે હોય તે રકમ.

(૨) રીટર્ન ભરેલું ના હોય અને એસેસમેન્ટ ઓર્ડર પ્રમાણે કરમુકતી મર્યાદા બાદ કર્યા પછી જે વધારે આવક હોય તે રકમ.

(૩) રી એસેસમેન્ટ ના કેસમાં ઓરીજનલ એસેસમેન્ટ કરતા આવક ની વધારેલી રકમ

(૪) એસેસમેન્ટ ઓર્ડર પ્રમાણે MAT / AMT હેઠળ નક્કી કરેલી DEEMED ટોટલ ઈન્કમ કલમ 143 (1) A હેઠળ ઈન્ટીમેશનમા લીધેલી ટોટલ ઈન્કમ થી વધારાની રકમ

(૫) એસેસમેન્ટ કે રી એસેસમેન્ટ ના કારણે નુકશાન ની રકમ માં ઘટાડો થાય તો ઘટાડો થયેલી રકમ

(૨) **<u>આવક ખોટી બતાવવા બદલ ૨૦૦% દંડ</u>**

**<u>નીચેના સંજોગોમા આવક ખોટી બતાવેલી ગણાશે :-</u>**

(૧) હકીકતોને છુપાવવામાં આવી હોય કે ખોટી રજુઆત કરવામાં આવી હોય

(૨) હીસાબી ચોપડામાં રોકાણ કે અન્ય વિગત નોંધેલી ના હોય

(૩) ખર્ચ માટે કોઇ પુરાવા રજુ કરેલ ન હોય

(૪) હીસાબી ચોપડામાં ખોટી એન્ટ્રી નાંખી હોય

(૫) આવકની ગણત્રી માટેની કોઇ રકમ હીસાબી ચોપડામાં નોંધી ના હોય

(૬) ઇન્ટરનેશનલ ટ્રાન્ઝેકશન કે ડોમેસ્ટીક ટ્રાન્ઝેકશન ના રીપોર્ટ ના કરાવ્યા હોય

**(૩) પેનલ્ટી માટેની ઉપર પ્રમાણે કાયદામાં ચોક્કસ જોગવાઇ કરેલી છે તેનો અમલ ચાલુ વર્ષ સને ૨૦૧૬-૧૭ થી લાગુ પડશે એટલે દરેક વેપારી ભાઇએ હીસાબી ચોપડામાં પાડેલ નામાના જરૂરી પુરાવા તૈયાર રાખવા અને રીટર્નમાં કોઇ આવક કે વિગત દર્શાવવાની રહી ના જાય તેની કાળજી લેવી જરૂરી છે.**

## (૧૮) નવા બજેટ ના ચમકારા :-

(૧) નવું નાણાકીય વર્ષ તા.૧-૪-૨૦૧૭ થી શરૂ થશે અને સને ૨૦૧૭-૧૮ ના વર્ષ માટે બજેટમાં નીચે પ્રમાણે અગત્યના સુધારા સુચવેલા છે.

(૧) ઇન્કમટેક્ષ દર માં થોડી રાહત -

(૧) રૂા.૨,૫૦,૦૦૦/- થી રૂા.૫,૦૦,૦૦૦/- સુધીનો ટેક્ષરેટ ૧૦% માંથી ઘટાડીને ૫% કરેલ છે.

(૨) Individual (અંગત) ની આવક રૂા.૩,૫૦,૦૦૦/- થી વધુ ન હોય તો તેને રૂા.૩,૦૦,૦૦૦/- સુધી કોઇ ટેક્ષ નહીં લાગે.

(૨) અંગત /HUF/A.O.P ની આવક રૂા.૫૦ લાખ થી વધુ હોય અને રૂા.૧ કરોડ સુધી હોય તો ટેક્ષ ઉપર ૧૦% સરચાર્જ અને જો આવક રૂા. ૧ કરોડથી વધુ હોય તો ૧૫% સરચાર્જ

(૩) ડોમેસ્ટીક કંપની - જેનું સને ૧૫-૧૬ દરમિયાન કુલ ટર્નઓવર / ગ્રોસ રીસીપ્ટ રૂા.૫૦ કરોડ સુધીની હોય તો ઇન્કમટેક્ષનો દર ૩૦% ને બદલે ૨૫%

(૪) કલમ 44AD હેઠળ જેટલું ટર્નઓવર / ગ્રોસ રીસીપ્ટ A/C PAYEE CHEQUE/BANK DRAFT/ECS થી કરેલુ હોય તેના ઉપર ૮% ને બદલે ૬% લેખે નફો ગણાશે.

(૫) સ્થાવર મિલ્કત ઉપર LONG TERM CAPITAL GAIN ગણવા માટે ૩૬ માસ ની મુદ્દત ઘટાડીને ૨૪ માસ

(૬) LONG TERM CAPITAL GAIN માટે મિલ્કત જો તા.૦૧-૦૪-૨૦૦૧ અગાઉ ની હોય તો તા.૦૧-૦૪-૨૦૦૧ ની ફેર માર્કેટ વેલ્યુ ગણાશે.

(૭) ધંધા અંગેની ખરીદી કે ખર્ચ રોકડેથી કરવાની મર્યાદા રૂા.૨૦,૦૦૦/- થી ઘટાડીને રૂા.૧૦,૦૦૦/- કરવામાં આવી છે.

(૮) ઓડીટ ન કરાવતી વ્યકિત / HUF દ્વારા જમીન કે મકાન ભાડાની માસિક ચુકવણી રૂા.૫૦,૦૦૦/- કે તેથી વધુ કરતા હોય તો ૫% લેખે TDS કાપવાની રહેશે.

(૯) LIC કમીશન મેળવનાર વ્યકિત ટેક્ષેબલ આવક ન હોય તો તા.૧-૬-૨૦૧૭ થી TDS ના થાય તે માટે ફોર્મ 15G/15H આપી શકશે.

(૧૦) જે મિલકતનો ઘસારો બાદ લેવાનો હોય તે મિલ્કત ની ખરીદી ની રૂા.૧૦,૦૦૦/- થી વધુ રકમ ની ચુકવણી A/C PAYEE CHEQUE થી કરવી પડે.

(૧૧) રૂા.૨૦૦૦/- થી વધુ રકમનું ડોનેશન A/C PAYEE CHEQUE થી કરેલું હોય તો જ કલમ 80G હેઠળ બાદ મળશે.

(૧૨) ધર્માદા ટ્રસ્ટ ચાલુ વર્ષની આવક માંથી અન્ય ટ્રસ્ટને કોરપસ ડોનેશન આપી શકશે નહી.

(૧૩) બિલ્ડર અને રીયલ એસ્ટેટ નો ધંધો કરનાર ના કેસમાં સ્કીમ પુરી થયાનું BU બીલ્ડીંગ યુઝ સર્ટીફીકેટ જે વર્ષમાં મલ્યુ હોય તે પછીના એક વર્ષ પછી જે મકાનો, દુકાનો, ઓફિસો, વેચ્યા વગર ના કલોઝીંગ સ્ટોક-સ્ટોક ઇન ટ્રેડમાં હોય તે જો ભાડે આપેલ હોત અને જે ભાડુ મળે તે ભાડાની રકમ અંદાજીત એન્યુઅલ વેલ્યુ ગણી તે રકમ પ્રોપર્ટી ઇન્કમ તરીકે આવકમાં બતાવવી પડશે.

(૧૪) ઈન્કમટેક્ષ રીટર્ન સમય સર ભરાય તે માટે કડક જોગવાઈ થઈ છે તે પ્રમાણે સને ૧૭-૧૮ થી રીટર્ન સમયસર ભરવામાં ના આવે પણ ૩૧ ડીસેમ્બર સુધીમાં ભરવામાં આવે તો રૂા.૫,૦૦૦/- દંડની જોગવાઈ અને ૩૧ ડીસેમ્બર પછી ભરવામાં આવેતો રૂા.૧૦,૦૦૦/- ની દંડની જોગવાઈ કરી છે. રૂા.૫,૦૦,૦૦૦/- સુધીની આવક હોય તો રૂા.૧૦૦૦/- નો દંડ થશે.

(૧૫) <u>રૂ. ૩ લાખ ઉપર ના રોકડ વ્યવહાર માટે નવી જોગવાઈ નીચે પ્રમાણે છે.</u>

- કોઈ પણ એક દીવસમાં કોઈ વ્યકિત / HUF / A.O.P. / FIRM / COMPANY / L.L.P. રૂ.૩ લાખ કે તેથી વધુ રકમ એક સાથે કે ટુકડે ટુકડે થી લઈ શકશે નહી.
- એકજ વ્યવહાર માટે રૂ.૩ લાખ કે વધુ ની રોકડ રકમ લઈ શકશે નહી.
- કોઈ એક ઈવેન્ટ કે પ્રસંગ માટે કોઈ પણ પાસેથી રૂ.૩ લાખ કે વધુની રોકડ રકમ લઈ શકશે નહી. તેમ છતાં ઉપરની જોગવાઈ નો ભંગ કરી ને રૂ.૩ લાખ કે વધુ ની રોકડ લેશે તો જેટલી રકમ લીધી હોય તેટલો દંડ આવી રકમ લેનાર ઉપર લાગશે.

<u>ઉપર ની જોગવાઈ અંગે કેટલીક ચોખવટ મેળવવી જરુરી છે જેમકે :-</u>

(૧) એકજ દીવસે બેંક માથી રૂ.૩ લાખ થી વધુ રોકડા પોતાના ખાતા માંથી ઉપાડે તો શુ થાય ?

(૨) માર્કેટ યાર્ડમા આવતા ખેડુતો ના માલનુ વેચાણ કમીશન એજન્ટ કરીને ખેડુત ને રોકડા રૂા.૩ લાખ કે વધુ ની રકમ આપે તો શુ થાય?

(૩) એકજ બીલ થી રૂ.૩ લાખ થી વધુ રકમનો માલ વેચેલ હોય તેનુ પેમેન્ટ જુદા-જુદા દિવસે રૂ.૩ લાખ થી ઓછી રકમ માં લીધુ હોય તો શું થાય ?

(૪) ધંધા સિવાયના ખર્ચા જેવા કે લગન માટે પ્લોટ બુકીંગ, ડેકોરેશન , કંકોત્રી વગેરે માટે રૂ.૩ લાખ થી વધુ પેમેન્ટ રોકડેથી આપેલ હોય તો શું થાય ? કારણ બધો ખર્ચો લગ્ન માટે છે જે ઈવેન્ટ ગણાય.

(૫) કોઈ ભાગીદાર પેઢીમાં રૂ.૩ લાખ કરતા વધારે રોકડ ઉપાડ કરે કે જમા કરાવે તો શુ થાય ? બંને કેસ માં લેનારને દંડ થાય ?

(૬) હોસ્પિટલ, શૈક્ષણિક સંસ્થાઓ કે ચેરીટીબલ ટ્રસ્ટો વગેરે રૂ.૩ લાખ થી વધુ નો રોકડે થી વ્યવહાર કરે તો શું થાય ? હાલની જોગવાઈ જોતા રૂ.૩ લાખ થી વધુ રકમ રોકડે થી ના લઈ શકે નહીંતર તેટલીજ રકમ નો દંડ લેનાર પર થાય દા.ત. હોસ્પિટલમાં દાખલ થયેલા પેશન્ટ નુ બીલ રૂ.૩ લાખ વધુ થાય તો રોકડે થી પેમેન્ટ લઈ શકાય નહીં, નહીંતર હોસ્પિટલ જે રકમ પેશન્ટના પાસેથી રોકડે થી મેળવે તેટલો હોસ્પીટલને દંડ થાય

(૭) ટુંકમાં સરકાર શ્રી નો ઈરાદો રોકડ રકમ ના વ્યવહારો રૂ.૩ લાખ થી વધુ ની ઉપર ના તમામ A/C PAY CHEQUE/BANK/DRAFT/ECS થી ફરજિયાત કરાવવાનો છે. અને તેથી જ દંડની રકમ આપનાર ઉપર નહીં પણ લેનાર ઉપર નાંખી છે.

(૮) ઉપરની બાબતો અંગે તા. ૩૧-૩-૧૭ પહેલા વેપારી મંડળો એ ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા તથા ડાયરેકટ સરકાર શ્રી માં રજુઆત કરી ખુલાસા કરાવવા જરુરી છે કારણ આ જોગવાઈ નો અમલ તા. ૧-૪-૧૭ થી શરુ થાય છે.

## (૧૯) GST :

(૧) VAT માંથી GST માં માયગ્રેટ થવા માટે ONLINE રજીસ્ટ્રેશન બધા વેપારીઓએ તા. ૩૧-૩-૨૦૧૭ સુધીમાં કરી દેવાનુ છે. એટલે જે વેપારીઓ ને આ અંગેના અમે મંગાવેલ ડોકયુમેન્ટસ કાંઈ આપવાના બાકી હોય તે તુરંત અમને મોકલી આપવા જેથી ડોકયુમેન્ટસ અપલોડ કરી શકાય.

અમો આશા રાખીએ છીએ કે ઉપરનું ઈ.ટેક્ષના મુખ્ય મુદ્દાઓ અંગેનુ માર્ગદર્શન તમને ઉપયોગી થશે આ અંગે વિશેષ માહીતી માટે અમારો રૂબરૂ સંપર્ક કરવો

લી.

ધીરુભાઈ-કનુભાઈ

પીયુષભાઈ-નીખીલભાઈ